©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 05th FEBRUARY, 2026/MAGHA 16, 1947 [Issue No. 06

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	83-118	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	1129-1274
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.નં. ૧૪૫૯/ભીકડા ક્રોસીંગ જા.ના./૧૭૫૦૮૭/૨૬.- ઘોઘા તાલુકાના ભીકડાથી ડેમ રોડ કિ.મી. ૦/૦ થી ૨/૫૦૦ તા. ઘોઘા (ભીકડા કેનાલ પર) તથા શામપરા (સીદસર) થી શેઢાવદર રોડ કિ.મી. ૦/૦ થી ૪/૮૦૦ તા. ભાવનગર (ભીકડા કેનાલ પર) ખાતેના બંને ભીકડા કેનાલ ક્રોસીંગ બ્રીજ જર્જરીત હાલતમાં હોય બંને મેજર બ્રીજના પુનઃબાંધકામનું કામ શરૂ ન થાય ત્યાં સુધી આ રસ્તા પર ચાલતા ભારે વાહનો માટે રસ્તો બંધ કરવા અને વૈકલ્પીક રસ્તા પરથી વાહનો પસાર કરવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભાવનગર મારફત નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), ભાવનગર તરફથી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત અનુસાર જાહેર હિતને ધ્યાનમાં લેતા જાહેરનામું બહાર પાડવું ઉચિત જણાય છે.

સબબ, હું, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ઘોઘા તાલુકાના ભીકડાથી ભીકડા ડેમ રોડ કિ.મી. ૦/૦ થી ૨/૫૦૦ તા. ઘોઘા (ભીકડા કેનાલ પર) તથા શામપરા (સીદસર) થી શેઢાવદર રોડ કિ.મી. ૦/૦ થી ૪/૮૦૦ તા. ભાવનગર (ભીકડા કેનાલ પર) ખાતેના બંને ભીકડા કેનાલ ક્રોસીંગ બ્રીજનો રસ્તો માત્ર ભારે વાહનો માટે બંધ કરી ડાયવર્ઝન રૂટ પરથી વાહનો પસાર કરવા ફરમાવું છું.

(૧) ભીકડાથી સીદસર આવવા-જવા માટે નીચે મુજબ ડાયવર્ઝન રૂટ રહેશે.

ભીકડા-વાળુકડ-સીદસર (MDR) તરફથી આવવા-જવાનું રહેશે.

(૨) શામપરા (સીદસર) થી શેઢાવદર આવવા-જવા માટે નીચે મુજબ ડાયવર્ઝન રૂટ રહેશે.

શેઢાવદર-ફરિયાદકા એપ્રોચ NCC કેમ્પ (VRNP-MDR)

શેઢાવદર-ફરિયાદકા-સીદસર (VRNP)

શેઢાવદર-ફરિયાદકા-વરતેજ (VRNP-MDR)

આ જાહેરનામું તા. ૧૬-૦૧-૨૦૨૬ થી તા. ૧૪-૦૨-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૫-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૫ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૪૮૭/હ.બં.જા.ના/જાન્યુ-ફેબ્રુ/૨૬.- આગામી જાન્યુઆરી/૨૦૨૬-ફેબ્રુઆરી/૨૦૨૬ના માસ દરમ્યાન તા. ૨૨-૦૧-૨૦૨૬ના રોજ વિનાયક ચતુર્થી, તા. ૨૩-૦૧-૨૦૨૬ ના સુભાષચંદ્ર બોઝ જયંતિ, તા. ૨૬-૦૧-૨૦૨૬ના રોજ પ્રજાસત્તાક દિન, તા. ૨૮-૦૧-૨૦૨૬ ના લાલા લજપતરાય જયંતિ, તા. ૩૦-૦૧-૨૦૨૬ ના મહાત્મા ગાંધી નિર્વાણ દિન, તા. ૩૧-૦૧-૨૦૨૬ ના વિશ્વકર્મા જયંતિ, તા. ૦૫-૦૨-૨૦૨૬ ના સંકષ્ટ ચતુર્થી, તા. ૦૯-૦૨-૨૦૨૬ ના કાલાષ્ટમી તથા તા. ૧૫-૦૨-૨૦૨૬ ના મહાશિવરાત્રિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા છે. આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન જાહેર સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજ્યની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/હ.બં.જા.ના./૧૪૯/૨૬, તા. ૧૨-૦૧-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે અનુસાર જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૦-૦૧-૨૦૨૬ થી તા. ૧૮-૦૨-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી કોઈએ,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, છરી, કુંહાડી, ધારીયા, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(ચ) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(છ) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલ કે ઓડીટોરીયમ કે નાટય ગૃહ તથા ટાઉન હોલમાં પ્રવેશવું નહીં.

: પરિશિષ્ટ :

''ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''

આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉત્તરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૫-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૫ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.નં.૨૧૩/મકરસંક્રાતિ/ફટાકડાપ્રતબંધ/૨૬.-આગામી સમયમાં આવનાર મકરસંક્રાતિના તહેવાર દરમ્યાન પતંગ ચગાવવા માટે વાપરવામાં આવતા ચાઈનીઝ માંજાના કારણે પક્ષીઓ દોરીથી ઘાયલ થવાના, મૃત્યુ પામવાના બનાવો બને છે. જે નિવારવા અત્રેના નં. ડી.એમ.-૧/ફા.નં.૨૧૩/મકરસંક્રાતિ/૨૦૨૫ તા. ૧૮-૧૧-૨૦૨૫ થી ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન, ચાઈનીઝ લોન્ચર તથા પતંગ ઉડાડવા/ચગાવવાના હેતથી ચાઈનીઝ માંઝા, glass coated nylon thread, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન થ્રેડ દોરી જેવી પ્રતિબંધિત સાધન સામગ્રીના ઉત્પાદન, ઉપયોગ, વેચાણ તથા સંગ્રહ ઉપર પ્રતિબંધ અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

વધુમાં, ઉત્તરાયણના તહેવારમાં લોકો સાંજના સમયે ફટાકડા ફોડી તહેવારની મજા માણતા હોય છે. ફટાકડાના અવાજથી ડરીને પક્ષીઓ ઉડતા હોય છે. જે પક્ષીઓ માટે પ્રાણઘાતક અને ખતરારૂપ બને છે. જેથી ઉત્તરાયણના આ દિવસોમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામુ બહાર પાડવા નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વન વિભાગ, ભાવનગરના પત્ર ક્રમાંક : બ/વપસ/ટે-૭/૧૦૬૨/૮૧૧૯/૨૦૨૫-૨૬ તા. ૨૪-૧૨-૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાય છે.

આથી હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ ની પેટા કલમ-(૧) હેઠળ મળેલ સત્તાની રૂઈએ ભાવનગર શહેર તથા જિલ્લામાં પક્ષીઓની સલામતી અને સુરક્ષા માટે ઉત્તરાયણના તહેવાર દરમ્યાન તા. ૧૩-૦૧-૨૦૨૬ થી તા. ૧૫-૦૧-૨૦૨૬ સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૮-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

ભાવનગર, ૦૮ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

જાહેરનામું

નં. ડીએમ-૧/જા.ના./પરીક્ષા/ફા.નં. ૧૪૩૪/GPSC/૨૦૨૫.-ભાવનગર શહેરમાં આગામી તા. ૦૪-૦૧-૨૦૨૬ ને રવિવારના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા રાજય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક : ૨૭/૨૦૨૫-૨૬) માટે પ્રિલિમિનરી પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે, પરીક્ષા કેન્દ્રની આજુ બાજુના વિસ્તારોમાં અસામાજિક ગુંડા તત્વો એકઠા થઈ પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, એન. ડી. ગોવાણી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ની પેટા કલમ-(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ રાજય વેરા નિરીક્ષક, વર્ગ-૩ (જાહેરાત ક્રમાંક : ૨૭/૨૦૨૫-૨૬) ની પરીક્ષા માટે તા. ૦૪-૦૧-૨૦૨૬ ના રોજ આ સાથેની યાદી મુજબના પરીક્ષા કેન્દ્રો ખાતે નીચે મુજબનાં પ્રતિબંધો ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસ/સ્કેનરનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ, સ્કેનર તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિવર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન કે અન્ય ઈલેકટ્રોનિક ગેઝેટ લઈ જવા કે તેના ઉપયોગ પર.

(૪) પરીક્ષા કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશવા પર.

સદરહું જાહેરનામું ઉકત જણાવ્યા મુજબના પરીક્ષા કોન્દ્રો ઉપરાંત જો નવા પરીક્ષા કોન્દ્રો જાહેર થશે તો તેને પણ લાગુ પડશે.

જેને પરીક્ષા દરમ્યાન સોંપાયેલી ફરજનાં ભાગરૂપે/કામગીરી અર્થે જરૂરી હોય અથવા સક્ષમ કક્ષાએથી એવું ફરમાવેલ હોય તેમને આ જાહેરનામામાં જણાવેલ ક્રમ નં. ૩ અને ૪ ના પ્રતિબંધો લાગુ પડશે નહિ.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ)ની કલમ-૧૮૮ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા તથા ફોજદારી કામ માંડવા માટે હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને તેમજ વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરવાનું હું ફરમાવું છું.

આજ તા. ૩૦-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૩૦ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

Online Job Application System (GPSC)

પેટા કેન્દ્રો (શાળા/કોલેજ)ની યાદી અને ફાળવેલ કુલ બ્લોક અને કુલ ઉમેદવારની વિગત દર્શાવતું પત્રક

જાહેરાત નંબર : GPSC/202526/27..... Job Title : State Tax Inspector, Class-3
Exam Timings : 04-01-2026 11 to 01

District Name : BHAVNAGAR

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)	પેટા કેન્દ્રનું સરનામું	ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા	ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા	ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર	ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર	પેટાકેન્દ્ર દીઠ ખર્ચ	૦૨ દિવ્યાંગ મિત્રનો ખર્ચ
1	Sarkari Majiraj Girls High School	Nr.haluria Chowk, Cresent Road, Bhavnagar	96	4	106018035-106018130	H.g. Dave 9427148694	14418	1700
2	61946-Shree Vidhyavihar Madhyamik Shala	Desai Nagar, Zaverbhai Ni Vadi, Bhavnagar	240	10	106018131-106018370	Chhaganbhai S Jambucha 9898201194	21370	0
3	62709-Shri Swaminarayan Madhyamik (Nirbhay)	Nirbhay Society, Behind Press Residency, Chitra, Bhavnagar	240	10	106018371-106018610	Laljibhai C. Koradiya 9924181244	21370	0
4	50392-Christ School	Chitra-Sidsar Road, Chitra, Bhavnagar	240	10	106018611-106018850	Fathar Thomas 9687404447	21370	0
5	66260-Shri Vidyadhish Ma & U Ma Shala Unit 14	Shri Vidyadhish Madhyamik & Uchchatar Madhyamik Shala Campus, Pramukhswami Nagar, Kaliyabid , Bhavnagar	240	10	106018851-106019090	Vishalkumar J Trivedi 9106287493	21370	0
6	66261-Shri Vidyadhish Ma & U Ma Shala Unit-2	Shri Vidyadhish Madhyamik & Uchchatar Madhyamik Shala Campus, Pramukhswami Nagar, Kaliyabid , Bhavnagar	240	10	106019091-106019330	Rohitbhai U Joshi 8128080039	21370	0
7	2246-Smt M S Lakhani Kanya Vidhyalay	Sardar Patel Education Institute, Kaliyabid, Bhavnagar	240	10	106019331-106019570	Urmiben J. Parmar 9173311892	21370	0
8	63382-Shree Z K Mendapara Madhyamik School	Sardar Patel Education Institute, Kaliyabid, Bhavnagar	240	10	106019571-106019810	Mayurbhai Majethiya 9033693269	21370	0

ક્રમ	પેટા કેન્દ્ર (શાળા/કોલેજનું નામ)	પેટા કેન્દ્રનું સરનામું	ઉપયોગમાં લેવાનાર રૂમમાં ઉમેદવારની સંખ્યા	ઉપયોગમાં લેવાનાર રૂમની સંખ્યા	ફાળવેલ ઉમેદવારના બેઠક નંબર	ઈન્ચાર્જ વ્યકિતનું નામ અને ફોન નંબર	પેટાકેન્દ્ર દીઠ ખર્ચ	૦૨ દિવ્યાંગ મિત્રનો ખર્ચ
9	1950-Shree Evant Ny Jari Secondary School	Opp. Saptpadi Hall . Kaliyabid, Bhavnagar	360	10	106019811-106020170	Shri Pranavbhai Joshi 8980028099	28080	0
10	62488-Nachiketa Vidhyapith	Gokuldham Society, Near Virani Circle, Kaliyabid, Bhavnagar	240	10	106020171-106020410	Rohan S. Vaghela 9099830237	21370	0
11	50188-Silver Bells Public School	Near Bhagavati Circle, Shantinagar-1, Kaliyabid, Bhavnagar	240	10	106020411-106020650	Sanket Patel 9033362695	21370	0
12	61953-Amarjyoti Saraswati Vidhyalaya	Near Bhagavati Circle, Shantinagar-1, Kaliyabid, Bhavnagar	240	10	106020651-106020890	Ashish Gohil 9033748928	21370	0
13	13809-Amarjyoti Saraswati International School	Near Bhagavati Circle, Shantinagar- 1, Kaliyabid, Bhavnagar	240	10	106020891-106021130	Rajendrasinh N. Gohil 9428856105	21370	0
14	27159 - Sarthi Vidhya Sankul	Nr. Bhagwati Circle, B/H Silver Bells School, Kaliyasid, Bhavnagar	240	10	106021131-106021370	Lalbha B Kher 9904733774	21370	0
15	61957-B.N.Virani School	Plot No. 35/A, Virani Circle, Kaliyabid Bhavnagar	240	10	106021371-106021610	Arvindkumar J Bhut 9978784365	21370	0
16	61958-B.N.Virani High Secondary School	B.N.virani Higher Secondary School Campus, Plot No. 35/A, Virani Circle, Kaliyabid Bhavnagar	240	10	106021611-106021850	Kashmira Ben V Sutariya 7874531874	21370	0
17	62494-The KPES English Highschool	Plot No. 36, Virani Chowk, Lila Circle, Kaliyabid, Bhavnagar	240	10	106021851-106022090	Shri Tarun V Vyas 9428221720	21370	0
18	61956-Ekta High School	Near Rammantra Mandir, Talaja Road, Kaliyabid, Bhavnagar	240	10	106022091-106022330	Hitendrasinh Gohil 9428284079	21370	0
19	13831-Shri Maruti Vidhya Mandir	Plot No.268 To 270, Madhavnagar, Top 3 Road, Lila Circle, Bhavnagar	240	10	106022331-106022570	Sureshbhai Baraiya 9824889971	21370	0
20	50398-Shri R. K. Gharshala Vinay Mandir	Parimal Chowk, Vaghavadi Road, Dist- Bhavnagar	240	10	106022571-106022810	Pradipbrai Trivedi 8460070014	21370	0
21	50399-Home School English Medium	Shri Harbhai Trivedi Marg, Takhteshwar Plot, Vaghavadi Road, Bhavnagar	240	10	106022811-106023050	Nehaben Bhatt 9409102557	21370	0
22	63383-Shree Daxinamurti Vinaymandir Unit-4	Gijubhai Badheka Marg, Vaghavadi Road, Bhavnagar	240	10	106023051-106023290	Pithabhai Kodiyatar 9825550018	21370	0
23	63384-Shree Daxinamurti Vinaymandir Unit-2	Gijubhai Badheka Marg, Vaghavadi Road, Bhavnagar	240	10	106023291-106023530	Lataben S. Rokde 9427215280	21370	0
24	50393-Shri Vishudhdhanand Vidhyamandir	Chitranjan Chowk, Vidhyanagar, Bhavnagar	146	10	106023531-106023676	Jaydevsinh M Parmar 9898282869	16744	0
	Sub Total		**5642**	**236**			**508012**	

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૬૧૦/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૯-૧૨-૨૦૨૫ ના રોજથી તા. ૧૨-૦૧-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી/ઉપવાસ માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૯-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૨૯ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૫૮૮/૨૦૨૫.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોનો ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ એકમાર્ગીય જાહેર કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચ્યુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટહાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એક માર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૨૦-૧૨-૨૦૨૫ ના પત્ર ક્રમાંક ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૧૧૧૧/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, પી. એલ. ઝણકાત (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર-કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ દરમ્યાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૪) ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચ્યુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ-હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન-વાત્સલ્ય વુમન કેર-મોચી સમાજની વાડી-વડોદરીયા હોસ્પીટલ-પાળીયાદ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૨૦-૧૨-૨૦૨૫ થી તા. ૧૯-૦૧-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૨૦-૧૨-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૨૦ માહે ડિસેમ્બર, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડી.એમ./વશી/૦૮/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં આગામી તા. ૦૩-૦૧-૨૦૨૬ થી રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા NMMS-2025-26 ની પરીક્ષા બપોરના ૧૨-૦૦ થી ૧૫-૦૦ કલાક દરમિયાન યોજાનાર છે. આ પરીક્ષા બોટાદમાં કુલ-૧૪ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે. ઉકત પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી, શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી, તમામ પરીક્ષા કેન્દ્રો નજીક લાઉડ સ્પીકર વાગે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને ઝેરોક્ષ સેન્ટરો બંધ રહે તે માટે જાહેર હિતમાં હું, પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ (ભારતના ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો ૨જો) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, આગામી તા. ૦૩-૦૧-૨૦૨૬ ના સમય બપોરના ૧૨-૦૦ થી ૧૫-૦૦ કલાક સુધી કુલ-૧૪ પરીક્ષા કેન્દ્રો ઉપર તથા જિલ્લાના સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) ખાતે નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેકસનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ કે અન્ય ઈલેકટ્રીક ઉપકરણો લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશવા પર.

(૬) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યકિતઓના પ્રવેશ પર.

(૭) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ ૦૧-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૦૧ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૪૦/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે, તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૩-૦૧-૨૦૨૬ ના રોજથી તા. ૨૭-૦૧-૨૦૨૬ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી/ઉપવાસ માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૭-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૭ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૨૦/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારી અર્થે મજુરો/કારીગરો/કર્મચારીઓ/દેશ/રાજ્ય/જિલ્લા બહારથી મોટી સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામમાં, પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે જિલ્લામાં આવે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. અમુક કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી અન્ય જિલ્લામાં આશરો લેતા હોય અને આવા મજુરોના ટુકા નામ સિવાય માલિક પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી જેથી આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યમાં કોઈ ગુન્હેગાર ગુન્હો કરી નાસી જાય તેવા સંજોગો માટે વ્યકિતની ચોકકસ ઓળખ પ્રસ્થાપિત થવી આવશ્યક જણાય છે. ઉપરાંત પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા દેશની આંતરીક સુરક્ષા માટે પણ આ બાબત યોગ્ય અને ઈચ્છનીય નથી.

જેથી તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામા/સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, બોટાદને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી. તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથઈ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

(૭) બહારના રાજય/દેશમાંથી રોજગારી અર્થે આવતા શ્રમિકો/કામદારો રોજગારી મેળવનારની નાગરિકતા અંગેની ચકાસણી કરીને તે અંગેના જરૂરી તમામ આધાર પુરાવા/દસ્તાવેજ/આઈ.ડી.પ્રુફ રોજગારી આપનારે ફરજીયાતપણે રજીસ્ટર બનાવી તેમાં સુવાચ્ય અક્ષરે નોંધ કરી નિયમિતપણે નીભાવવાનું રહેશે.

- આ હુકમ તા. ૦૯-૦૧-૨૦૨૬ થી તા. ૦૯-૦૩-૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.
- આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર બનશે.
- આ હુકમ અન્વયે બોટાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિદ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિ કરવી.

આજ તારીખ : ૦૫-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ.

બોટાદ, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૧/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ જાન્યુઆરી-૨૦૨૬ તથા આગામી ફેબ્રુઆરી-૨૦૨૬ ના માસ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતિ જાળવવા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ,

લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં

તા. ૦૯-૦૧-૨૦૨૬ થી તા. ૦૮-૦૨-૨૦૨૬ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

૧(ગગ) કોઈ સરઘસમાં જલી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની

(ચ) લોકોએ બુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૫-૦૧-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૫ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

વિષય : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે બહાર પાડવામાં આવેલ જાહેરનામાં અન્વયે સુધારા હુકમ બાબત

વંચાણ : અત્રેની કચેરીના તા. ૨૧-૧૧-૨૦૨૫ ના જાહેરનામા ક્રમાંક : મજશ-૧/ઉત્તરાયણ જા.નામુ/૨૦૨૫/વશી ૪૯૮૦ થી ૫૦૦૫

સુધારા હુકમ

ક્રમાંક : મજશ-૧/ઉત્તરાયણ જા.નામું./૨૦૨૫/વશી-૫૬ થી ૮૧.-આગામી તા. ૧૪/૧૫-૦૧-૨૦૨૬ના રોજ ઉત્તરાયણ તથા વાસી-ઉત્તરાયણ તહેવારની ઉજવણી નિમિતે ''સ્કાય લેન્ટર્ન''(ચાઈનીઝ તુક્કલ), ચાઈનીઝ દોરી તેમજ ચાઈનીઝ માંઝા/સિન્થેટીક માંઝા/નાયલોન/સિન્થેટીક પદાર્થ/પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનકારક પદાર્થથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરીના ઉપયોગથી પશુ-પક્ષી તેમજ પર્યાવરણ નુકશાન, આગજની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લેતા પોલીસ અધિક્ષકશ્રી, સુરેન્દ્રનગરની દરખાસ્તની વિગતે તા. ૨૪-૧૧-૨૦૨૫ થી તા. ૨૪-૦૧-૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન અત્રેની કચેરી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ વંચાણવાળા તા. ૨૧-૧૧-૨૦૨૫થી પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવામાં આવેલ.

ઉકત વંચાણવાળા જાહેરનામામાં જાહેરનામાના ભંગ બદલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જગ્યાએ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ દંડ અને શિક્ષાને પાત્ર ઠરશે તે મુજબનો સુધારો વાંચવા આથી હુકમ કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૦૮ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

આર. કે. ઓઝા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરેન્દ્રનગર જિલ્લો.

પોલીસ કમિશ્નર દ્વારા

જાહેરનામું

ક્રમાંક : સીબી-૬/PM/વાયબ્રન્ટ ગુજરાત/જાહેરનામું/૪૩/ ૨૦૨૬.- ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી તા. ૧૧-૦૧-૨૦૨૬ના રોજ રાજકોટ શહેરની મુલાકાતે પધારનાર હોય, તેમજ તા. ૧૧-૦૧-૨૦૨૬ થી તા. ૧૩-૦૧-૨૦૨૬ સુધી રાજકોટ શહેર મારવાડી યુનિવર્સિટી ખાતે રીજનલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૨૬નું આયોજન કરવામાં આવનાર છે, જે સમિટમાં દેશ-વિદેશના અનેક નામાંકીત ઉદ્યોગપતી, વી.વી.આઈ.પી./વી.વી.આઈ.પી. મહેમાનો અને પ્રતિનિધિઓ પધારનાર હોય, તેમજ તા. ૧૩,૧૪,૧૫-૦૧-૨૦૨૬ દિન-૦૩ માટે જાહેર જનતા માટે મારવાડી યુનિવર્સિટી ખાતેનું રિજનલ વાયબ્રન્ટ ગુજરાત-૨૦૨૬ એકિઝબીશન ખુલ્લુ મુકવામાં આવનાર હોય, જેથી માનનીય વડાપ્રધાનશ્રીનાઓ રાજકોટ શહેર ખાતેની મુલાકાત દરમિયાન અને વાયબ્રન્ટ સમિટ દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે તેને ધ્યાનમાં રાખી નીચે જણાવ્યા મુજબના માર્ગ પર જણાવેલ વિગતે તમામ પ્રકારના ભારે-વાહનોની ''પ્રવેશબંધી'' અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

: આ જાહેરનામાની અમલવારીનો સમય :

- તા. ૧૧-૦૧-૨૦૨૬ સવારના ક. ૦૮-૦૦ થી તા. ૧૫-૦૧-૨૦૨૬ રાત્રીના ક. ૨૩-૦૦ વાગ્યા સુધીનો રહેશે.

: ભારે વાહન માટે પ્રવેશબંધી રૂટ/માર્ગ :

I. જામનગર રોડ થી માધાપર ચોકડી થી બેડી ચોકડી થી મોરબી હાઈ-વે મારવાડી યુનિવર્સિટી સુધી તમામ પ્રકારના ભારે વાહનો માટે ઘંટેશ્વર ટી-પોઈન્ટ થી પ્રવેશબંધી રહેશે.

II. મોરબી હાઈ-વે રાજકોટ શહેરની હદ થી મારવાડી યુનિવર્સિટી થી બેડી ચોકડી સુધી તમામ પ્રકારના ભારે વાહનો માટે પ્રવેશબંધી રહેશે.

III. ગ્રીનલેન્ડ ચોકડીથી બેડી ચોકડી તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનો માટે ગ્રીનલેન્ડ ચોકડી થી પ્રવેશબંધી રહેશે.

IV. માલીયાસણ ટી-પોઈન્ટ નેશનલ હાઈ-વે થી બેડી ચોકડી તરફ જતા તમામ પ્રકારના ભારે વાહનો માટે માલીયાસણ ટી-પોઈન્ટ નેશનલ હાઈ-વે થી પ્રવેશબંધી રહેશે.

: ભારે વાહનો માટે વૈકલ્પીક રૂટ/માર્ગ :

I. જામનગર રોડ થી માધાપર ચોકડી થી બેડી ચોકડી તરફ જવા માંગાત ભારે વાહનો :

- ❖ ઘંટેશ્વર ટી-પોઈન્ટ થી નવો રીંગરોડ થી કોસ્મો ચોકડી થી પાટીદાર ચોક થી ૮૦-ફુટ રોડ થી પુનિતનગર પાણીના ટાકા થી ગોંડલ ચોકડી થી અમદાવાદ હાઈ-વે તરફ જઈ શકશે.

II. મોરબી હાઈ-વે રાજકોટ શહેરની હદથી મારવાડી યુનિવર્સિટી થી બેડી ચોકડી તરફ જવા માંગતા ભારે વાહનો :

- ❖ મોરબી હાઈ-વે કુવાડવા ગામ વાંકાનેર ચોકડી થી સીંધાવદર ગામ થી અમરસર ફાટક (વાંકાનેર) થી મીતાણા ચોકડીથી મોરબી તરફ જઈ શકશે.

III. ગ્રીનલેન્ડ ચોકડી થી બેડી ચોકડી તરફ જવા માંગતા ભારે વાહનો :

- ❖ અમદાવાદ હાઈ-વે કુવાડવા ગામ વાંકાનેર ચોકડી થી સીંધાવદર ગામ થી અમરસર ફાટક (વાંકાનેર) થી મીતાણા ચોકડીથી મોરબી તરફ જઈ શકશે.

IV. માલીયાસણ ટી-પોઈન્ટ નેશનલ હાઈ-વે થી બેડી ચોકડી તરફ જવા માંગતા ભારે વાહનો :

- ❖ સાત હનુમાન ઓવર બ્રિજ થી જુના કુવાડવા પોલીસ સ્ટેશન થી ગ્રીનલેન્ડ ઓવરબ્રિજ થી ગોંડલ ચોકડી થી પુનીતનગર પાણીના ટાંકા થી ૮૦ ફુટ રોડ થી પાટીદાર ચોક થઈ નવા રીંગરોડ થી ઘંટેશ્વર ટી-પોઈન્ટ થી જામનગર તરફ જઈ શકશે.

આથી હું બ્રજેશ કુમાર ઝા, પોલીસ કમિશનર, રાજકોટ શહેર અમોને મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧થી મળેલ સત્તાની રૂએ આજરોજ તારીખ : ૦૮-૦૧-૨૦૨૬ થી મારી સહી-સીક્કા કરી આગળ જણાવેલ વિગતેનું જાહેરનામું જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વાહન ચાલક મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ ની કલમ-૧૮૩ અને ૧૮૪ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું ફરજ પરના પોલીસના વાહનો, એમ્બ્યુલન્સ, શબવાહીની, ફાયર બ્રિગેડના વાહનો તેમજ સરકારી વાહનોને આકસ્મીક સંજોગોમાં લાગુ પડશે નહીં.

રાજકોટ, ૦૮ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

જેલ સુરક્ષા અંગેનું જાહેરનામું

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : એસ.બી./૧૪/જાહેરનામું/૪૨૫/૨૦૨૬.-ભુતકાળમાં બનેલ દેશ વિરોધી તથા સમાજ વિરોધી બનાવોની તપાસ દરમ્યાન આવા બનાવોમાં સંડોવાયેલ આરોપીઓમાં જેલમાં રહેલ કેદીઓ પણ સામેલ હોવાની હકિકત જાણવા મળેલ છે તેમજ તાજેતરમાં જેલ કસ્ટડીમાં રહેલ આરોપીઓ જાપ્તામાંથી ભાગી જવાના બનાવોની તપાસ દરમ્યાન પણ જે હકિકત બહાર આવેલ છે તે મુજબ આ કેદીઓ તેઓની જેલ કસ્ટડી દરમ્યાન પોતાની પાસેના મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા હોવાની હકિકત તપાસ દરમ્યાન જણાયેલ છે તેમજ જેલમાં રહેલ દેશ વિરોધી કૃત્ય કરવા વાળા ઈસમો આ રીતે જેલમાં રહી મોબાઈલનો ઉપયોગ કરી ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે જેથી દેશની આંતરીક સલામતી તથા માનવ જીંદગીની ખુવારી ન થાય અને લોકોની મિલકતને નુકસાન ન થાય તેવા કૃત્ય અટકાવવા તથા સુરક્ષાને ધ્યાને લઈ તકેદારીના પગલા રૂપે રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) અમુક નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

: હુકમ :

વાસ્તે હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરૂ છું કે, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) સલામતી અને સુરક્ષાના કારણોને ધ્યાને લઈ આ પ્રિમાઈસીસમાં કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, આઈપેડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સનો ઉપયોગ કરી શકશે નહીં અને મોબાઈલ ફોન કે સીમકાર્ડ કે દૂર સંચાર માધ્યમના અન્ય ગેઝેટ્સ સાથે રાખી શકશે નહીં તેમજ આવા કોઈ સાધનો/ગેઝેટ્સ સાથે જેલના પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરી શકશે નહીં/કરશે નહીં.

: અપવાદ :

કોઈ પણ જાહેર રાજ્ય સેવક કે જે પોતાની ફરજના ભાગ રૂપે બંધાયેલ છે તેવી વ્યક્તિને તેની ફરજ દરમ્યાન આ હુકમ લાગુ પડશે નહીં.

: અમલવારીનો સમય :

આ હુકમ તા. ૧૮-૦૧-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૨૮-૦૨-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ વાગ્યા સુધી

: પ્રતિબંધિત વિસ્તાર :

રાજકોટ શહેરની પોલીસ કમિશ્નરની હકુમત હેઠળ રાજકોટ પોપટપરા મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) નો સમગ્ર વિસ્તારમાં રહેશે.

: શિક્ષા :

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNSS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે રાજકોટ કમિશ્નરેટમાં વિસ્તારમાં ફરજ બજાવતા રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરૂ છું.

: જાહેર વિજ્ઞપ્તિ :

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટિસની બજવણી કરવી શક્ય ન હોય, જેથી જાહેર જનતાની જાણ

સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવવી તથા રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરની કચેરી ખાતે નોટિસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ ૧૭-૦૧-૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૧૭ માહે જાન્યુઆરી, સને ૨૦૨૬.

બ્રજેશ કુમાર ઝા
પોલીસ કમિશનર
રાજકોટ શહેર

સુપરિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૨૬/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨.

(૨) શ્રી સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.પ/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથના પત્ર નં સીટીએસ/સ્વામિત્વ યોજના/૧૨૬-જાહેરનામું/ઝાંજરીયા/ગીર ગઢડા/૨૦૨૫, તા. ૦૬-૧૦-૨૦૨૫.

હુકમ

નં. સીટીએસ-૧૩/એલઆરસી/૧૨૬/ઝાંજરીયા/૨૦૨૫.-ભારત સરકારશ્રીનાં પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી "SVAMITVA" (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારની મિલકતોની માપણી કરી, હક્કચોકસી કરી પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરી મોજણી દાખલા કરવા ગામ : ઝાંજરીયા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથ માટે લેન્ડ રેવન્યુ કોડની કલમ-૯૫ તથા ૧૩૧ અન્વયે સરકારશ્રીએ મંજુરી આપેલ છે.

ગામ : ઝાંજરીયા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથમાં સિટી સરવે વિસ્તારની નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી ગીર સોમનાથએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને મોકલેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હક્કચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ થી મળેલ સત્તાની ૧૨૬ રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે આ સાથેના પરિશિષ્ટ-ક માં દર્શાવેલ ક્ષેત્રફળ (ગામતળ તથા સરકારી) હે.-૨ આરે.-૦૪ ચો.મી.-૩૭ (ગામતળ વિસ્તારની જમીન તથા તેમાં સમાવેશ રસ્તા/મારગ સહિતની જમીનને) ગામ : ઝાંજરીયા, તાલુકો : ગીર ગઢડા, જિલ્લો : ગીર સોમનાથના ગામને સિટી સરવે વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

ગીર સોમનાથ, ૧૬ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

